# <u>આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે બે દિવસીય યોગ શિબિરની ઉજવણી</u>

પ્રતિ વર્ષ ૨૧મી જુનને **'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'** તરીકે ઉજવવાનું સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા જાહેર કરાયેલ છે. આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે આણંદ કૃષિ યુનિવર્સિટીના યુનિવર્સિટી ભવન ખાતે તા. ૧૯-૨૦/૦૬/૨૦૨૨ દરમ્યાન ૨ દિવસની યોગ શિબિર માન. કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ ડૉ. દિનેશ.એચ. પટેલ, નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ દ્વારા કરવામાં આવેલ. જેમાં ડૉ. કે.બી. કથીરીયા, માન. કુલપતિશ્રી, યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિધાર્થીઓ, રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો, ખેતીવાડી મહિલા મંડળના સભ્યશ્રીઓ, યુનિવર્સીટીના સ્ટાફ ક્વાર્ટ્સમાં રહેતા પરીવારજનોએ ભાગ લીધેલ. યોગ શિબિર કાર્યક્રમમાં અંદાજે ૧૦૦ વ્યક્તિઓએ ભાગ લીધેલ. તોરલબેન પટેલ દ્વારા યોગ પ્રશિક્ષક તરીકે ઉપસ્થિત રહી આસન, પ્રાણાયામ અને ધ્યાન વગેરે માટે માર્ગદર્શન આપી ડેમોન્સ્ટ્રેશન આપવામાં આવેલ.



